# નવ એસી.એફ.ને ડી.એફ.ઓ. તરીકે બઢતી : ત્રણ ડી.એફ.ઓ.ની બદલી

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારે વન વિભાગના નવ જેટલા એસીએફ કક્ષાના અધિકારીઓને ડી.એફ.ઓ. તરીકે બઢતી આપતા હૂકમો જારી કર્યા છે.

| નામ | હાલની જગ્યા | બઢતીની જગ્યા |
|---|---|---|
| એમ.વી. પટેલ | એસીએફ, ગુ. વન વિકાસ નિગમ | ડી.એફ.ઓ., ગુ. વન વિકાસ નિગમ |
| એન.આર. મઝમુદાર | એસીએફ<br>સા. વનીકરણ વિભાગ, દાહોદ | ડીએફઓ<br>સામાજીક વનીકરણ વિ. દાહોદ |
| જી.એ. બ્રહ્મભટ્ટ | એસીએફ<br>સામાજીક વનીકરણ વિભાગ, આણંદ | ડીએફઓ, સામાજીક વનીકરણ વિભાગ, હિંમતનગર |
| કે.એ. ગાંધી | એસીએફ, જામનગર ડીવીઝન | ડીએફઓ, ગીર-સોમનાથ |
| પી.આઈ. પટેલ | એસીએફ<br>સામાજીક વનીકરણ વિ. મહેસાણા | ડીએફઓ<br>મોનીટરીંગ, ગાંધીનગર |
| એમ.એસ. અરવડીયા | એસીએફ<br>રાજકોટ ડીવીઝન | ડીએફઓ<br>વાઈલ્ડએશ સેન્ચુરી, ધ્રાંગધ્રા |
| એ.કે. પટેલ | એસીએફ<br>વન રેન્જર્સ કોલેજ, રાજપીપળા | ડીએફઓ, આચાર્ય વન રેન્જર્સ કોલેજ, રાજપીપળા |
| એસ.કે. પુવાર | એસીએફ, મહીસાગર ડીવીઝન | ડીએફઓ, છોટાઉદેપુર ડીવીઝન |
| જે.એચ. રાઠોડ | એસીએફ<br>સા.વ. ડીવીઝન હિંમતનગર | ડીએફઓ, સુરત ડીવીઝન |
| ડી.સી. મહેતા | ડીએફઓ<br>છોટાઉદેપુર ડીવીઝન | નાયબ નિયામક<br>ગીર ફાઉન્ડેશન ગાંધીનગર |
| બી.એમ. મોદી | ડીએફઓ<br>સસ્પેન્શનમાંથી પરત | ડીએફઓ<br>પી.પી.એમ.ઈ. ગાંધીનગર |
| એસ.પી. પટેલ | નાયબ નિયામક<br>ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર | ડી.એફ.ઓ.<br>પ્રોટેક્શન ગાંધીનગર |
| એ.જે. અમીન | એસીએફ<br>ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર | નાયબ નિયામક, ગીર ફાઉન્ડેશન (આર એન્ડ બીનો) વધારાનો ચાર્જ |

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણીઓને દત્તક આપવાની યોજના પડી ભાંગી

### સિંહ, વાઘ, શિયાળ, હરણ અને મોર સહીત સરિસૃપ પ્રાણી દત્તક લેનારા પ્રકૃતિ પ્રેમીઓને હાલ કોઇ જાણકારી પણ અપાતી નથી : દત્તક યોજના અન્વયે થતી આવકમાંથી પ્રાણીઓની સારસંભાળ માટે ખર્ચ કરવામાં આવતો હતો

ગાંધીનગર તા ૨૭

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધ્યાનમાં પ્રાણીઓને દત્તક આપવાની યોજના પડી ભાંગી છે. પ્રાણીને દત્તક આપવાની ઉમદા યોજના અન્વયે ઘણાંખરા જીવદયા પ્રેમીઓએ પ્રાણીઓને દત્તક લઈ નાંણાંકીય સહાય પણ કરી હતી જયારે આ રકમનો ઉપયોગ તેમની સાર સંભાળ માટે કરવામાં આવતો હતો. પરંતુ આરંભે શુરા તંત્ર દ્વારા સાઈકલ પ્રોજેકટની જેમ આ યોજનાનુ પણ પીંડલુ વાળી દીધુ છે.

શહેરના પ્રકૃતિ ઉધ્યાનનો વહીવટ કથળતા નતનવી સમસ્યાઓ સર્જાઇ છે. આરંભે સુરા તંત્ર દ્વારા શરૂ કરાયેલી સોહામણી યોજનાઓ પડી ભાંગી છે. મુલાકાતીઓ માટે શરૂ કરાયેલ સાઈકલ પ્રોજેકટ પણ હવા થઈ ગયો છે. જયારે પાર્કના પ્રાણીઓને દત્તક આપવાની યોજના પણ પડી ભાંગી છે.

અગાઉ ઉધ્યાનના અધિકારીઓ દ્વારા પ્રકૃતિ પ્રેમીઓ પાર્કના પ્રાણીઓને દત્તક લઈ શકે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી. જે અન્વયે સિડયુઅલ ૧ થી લઈ ૫ સુધીના પ્રાણીઓને દત્તક આપવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. જેમાં સિંહ, વાઘ, શિયાળ, મોર, હરણ સહીતના પ્રાણીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે આ યોજના હેઠળ સરિસૃપ પ્રાણીઓને પણ દત્તક લેવામાં આવ્યા હતા. ઈકો કલબ સાથે સંકળાયેલા પ્રકૃતિ પ્રેમીઓએ સરિસૃપોને દત્તક લીધા હતા. જયારે આજે દત્તક લેનારા પ્રકૃતિ પ્રેમીઓને આ પ્રાણીઓની કોઈ જાણકારી સુધ્ધા મળતી નથી. પ્રતિનિયુક્તિ પર ફરજ બજાવતા અધિકારી - કર્મચારીઓ આરંભે સુરા હોવાની જેમ સોહામણી યોજનાઓ શરૂ કરી દે છે. પરંતુ આ યોજનાઓનો ઉમદો આશય ફળિભુત થાય તે દિશામાં પ્રયત્નશીલ ન રહેતા યોજનાઓનુ પીંડલુ વળી જાય છે.



શિક્ષણ ક્રાંતિરથ ગાંધીનગર તાલુકાના ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા શિક્ષણ ક્રાંતિરથ ગામડે ગામડે પ્રયાણ કરાઈ રહ્યો છે. જેમાં સરઢવ, રૂપાલ, રાંધેજા, બાસણ મહાદેવ, પીંપળજ, ફતેપુરા, પેથાપુર વગેરે ગામોમાં સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે અને ઠાકોર સમાજની તાલુકા કક્ષાએ શાળા અને એક યુનિવર્સિટીની સ્થાપના થાય તેવા માધ્યમથી સમાજ શિક્ષિત બને અને વ્યસન મુક્તિ બને તેવા મંત્ર સાથે ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. શિક્ષણક્રાંતિ રથને ગામડે ગામડે સારો પ્રતિભાવ મળી રહ્યો છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ગાંધીનગરને પુનઃ હરિયાળુ બનાવવા વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ૧૯૯૫માં આ શહેર વિશ્વનું હરિયાળુ શહેર બન્યુ, ક્રમશઃ વૃક્ષો કપાયા અને સ્થિતિ જેમની તેમ થઈ. હવે પુનઃ આપણા શહેરને હરિયાળુ બનાવવા માટે શ્રમદાન કરવાનો સમય પાકી ગયો હોવાથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ નાગરિકોને તથા ગાંધીનગર મહાનગરપાલિકાને સૂરત શહેરને હવે અમદાવાદમાં પણ હરિયાળુ બનાવવા મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણનું આયોજન અને અભિયાન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત મહાનગરપાલિકાના નંબર પર રજીસ્ટ્રેશન કરાવ્યા પછી નાગરિકોને ઘરે પાલિકાના અધિકારીઓ આવીને વિનામૂલ્યે વૃક્ષના છોડ રોપી જાય છે. આ યોજના ૧૫ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધી અમલી બનાવવામાં આવેલ છે. આ યોજનામાં ઘટાદાર, ફૂલોવાળા તથા આકર્ષક વૃક્ષોના રોપાઓ વાવવામાં આવે છે.

સ્માર્ટસીટી અને ગ્રીનસીટીની દિશામાં સૂરત મહાનગરપાલિકાનું આ આયોજન ગાંધીનગર મહાનગરપાલિકા પણ નગરને સ્માર્ટસીટી બનાવવા આયોજન કરી રહેલ છે. ત્યારે અનુકરણ કરવા શહેર વસાહત મહામંડળ અને તેના પદાધિકારીઓ અરૂણ બુચ, મયુર વ્યાસ, બી.એ. શુકલ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, સુનીલ શાહ, ચંદુજી ઠાકોર, કશ્યપ મહેતા સહીત સૌ આ દિશામાં આયોજન કરવા મહાનગરપાલિકા તથા નાગરિકોને અપીલ કરે છે.

આ અગાઉ પણ આવી ઝુંબેશ આરંભાયેલ, સેકટર- ૧ થી ૫માં મોટા પાયે વૃક્ષારોપણ થયેલ અને દબાણના બહાના હેઠળ હટાવવામાં આવેલ તેવું પુનરાવર્તન ન થાય અને નાગરિકો વૃક્ષો મેળવે અને તેનું જતન કરવાની ફરજ અદા કરે તો ગાંધીનગરને સ્માર્ટસીટી અને ગ્રીનસીટી પણ આપણે બનાવી શકીશુ.

# મીના બજાર બન્યું મોબાઈલ નગરી...

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં મીના બજાર એટલે ઘરમાં જરુરી ઘરવખરી માટે જાણીતુ સ્થળ હતું. પરંતુ સમયની સાથે પરિવર્તન થાય છે તેમ આજે મીના બજાર મોબાઈલ નગરી તરીકે ઉપસી રહ્યું છે. મીના બજારમાં ૧૫ થી વધુ મોબાઈલની દુકાનો કાર્યરત છે. જેમાં વિવિધ કંપનીના નવા મોબાઈલ, અવનવી એસેસરીઝ સહિત રીપેરીંગનું કામ પણ પુરજોશમાં ચાલે છે. શહેરના મોબાઈલ ધારકો મોટીસંખ્યામાં મીનાબજારમાં નજરે પડે છે.

ગાંધીનગર શહેરમાં મીનાબજાર કાપડ બજાર તેમજ જીવન જરુરી ચીજવસ્તુ ખરીદવા માટેનું ઉત્તમ સ્થળ માનવામાં આવે છે. શહેરમાં વસતા મધ્યમ વર્ગના પરિવારો કપડા સહિતની ખરીદી કરતા હોવાથી મોટીસંખ્યામાં વેપારીઓએ ડેરાતંબુ તાણ્યા છે. શહેરનું મીના બજાર જુના સચિવાલય પાસે હોવાથી સવારથી સાંજ સુધી ધમધમતુ હોય છે. કર્મચારીઓ પણ ચા-નાસ્તાની સાથે જીવન જરુરીયાતની વસ્તુ ખરીદતા નજરે પડે છે. પરંતુ અત્યારે હાલના સમયે મીના બજાર મોબાઈલ નગરી તરીકે ઉપસી રહ્યું છે. બજારમાં આવેલી માઈક્રોશોપીંગ સેન્ટરમાં ૧૫ થી વધુ મોબાઈલની દુકાનો કાર્યરત છે. જેમાં સેકન્ડ હેન્ડ મોબાઈલ ખરીદ -વેચાણ માટેનું કીફાયતી બજાર છે. શહેરના યુવાન થી લઈ વડિલો, મહિલાઓ સહિત મોબાઈલની અવનવી એસેસરીઝ ખરીદવા ભારે ભીડ જમાવે છે. જેમાં સ્કીન ગાર્ડ, કવર, ટફનગ્લાસ, ડેટાકેબલ, મેમરીકાર્ડ સહિત વિવિધ ચાર્જરનો સમાવેશ થાય છે.

જુના સચિવાલયમાં ફરજ બજાવતા કર્મચારીને મીના બજાર નજીક હોવાથી તેમજ તુરંત મોબાઈલને લગતી કોઈ પણ તકલીફ તાત્કાલીક દુર વેપારીઓ કરી દેતા હોવાથી મોટાભાગના ગ્રાહકોમાં કર્મચારી વર્ગનો સમાવેશ થાય છે. આધુનિક ટેકનોલોજીના યુગમાં મીના બજાર પણ ટેકનોલોજીથી સજજ થઈ ગયું છે. એક સમયનુ માત્ર કાપડ અને અન્ય જરુરી ચીજવસ્તુના વેપાર માટે જાણીતુ મીનાબજાર અત્યારે મોબાઈલ નગરી તરીકે ઉભરી રહ્યું છે. શહેરના મોબાઈલ ધારકો અન્ય સેકટરમાં આવેલા બજાર કરતા જુના સચિવાલય પર પ્રથમ પસંદગી ઉતારે છે. જેને અનુલક્ષી ગ્રાહકોની ભારે ભીડ જોવા મળે છે.

# પ્રાંતિજમાં બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની બેઠક યોજાઈ

### સમાજના પ્રમુખ તરીકે રાવલ સંજયકુમાર મંગળદાસની સર્વાનુમતે વરણી

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેશ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની સામાન્ય સભા યોજાઈ હતી જેમાં સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.



પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ વી.એસ.રાવલ પીટીસી કોલેજ ખાતે તા.૨૬-૬-૨૦૧૬ને રવિવારના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં પહેલાં પહેલા સેસન્સમાં રાવલ ભાસ્કર વાસુદેવની સભાના પ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી જેમાં પ્રાંતિજ ગામ દ્વારા સમાજના પ્રમુખ રાવલ કનુભાઈ નાનાલાલ, શિવશક્તિના ચેરમેન રાવલ સુરેશભાઈ લક્ષ્મણદાસ, સમાજના મંત્રી રાવલ મહેશભાઈ ગણપતભાઈ તથા સમાજના તથા શિવશક્તિના હોદ્દેદારો નું પ્રાંતિજ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાંરબાદ પ્રાંતિજમા થતી કામગીરી ઉપર ઝાંખી પાડવામાં આવી હતી અને પ્રાંતિજના તપોધન બ્રાહ્મણ સમાજના વિશિષ્ટ હોદ્દો ધરાવતા રાવલ હર્ષદભાઈ લક્ષ્મણભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાંતિજ ખાતે રહેતા વયોવૃદ્ધનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જેમાં શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ તરીકે રાવલ સંજયકુમાર મંગળદાસ (પત્રકાર) પ્રાંતિજ નિવાસી ઉપપ્રમુખ રાવલ કનુભાઈ મણિલાલ કડા, ઉપપ્રમુખ રાવલ શશીકાંતભાઈ બાબુલાલ વિજાપુર, ઉપપ્રમુખ રાવલ જગદીશ છોટાલાલ આજોલ, સહમંત્રી રાવલ મનીષભાઈ ભોગીલાલ શાહપુર, સહમંત્રી રાવલ જયદેવભાઈ મોહનલાલ લોદરા, ખજાનચી રાવલ વાસુભાઈ કાન્તિભાઈ રામપુર, યુવા પ્રમુખ રાવલ ધવલભાઈ ભાસ્કરભાઈ પ્રાંતિજ, મંત્રી રાવલ હિતેન્દ્રભાઈ હરગોવનભાઈ ગવાડા, ઓડિટર રાવલ ભોગીલાલ જોયતારામ કાંકરોલ, શિક્ષણ કન્વીનર રાવલ નરહરિભાઈ મોતીરામ ઉનાદ વગેરેની સમાજ વતી વરણી કરવામાં આવી હતી. આપ્રસંગે સમગ્ર બાવીસ ગામમાંથી સમાજના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મધુભાઈ રાવલ, જીતુભાઈ રાવલ, સતીષભાઈ રાવલ, રાવલ મહેશભાઈ ગણપતલાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાનસર ત્રણ રસ્તા પાસે બાઈક ચોર ઝડપાયો

પાનસર ત્રણ રસ્તાથી સેંન્ટ ઝેવિયર્સ સ્કુલ તરફ જતા માર્ગ પર સ્કુલ નજીક એક યુવાન ચોરીના બાઈક સાથે ઉભો હોવાની બાતમી ગાંધીનગર એલસીબી ટીમને મળી હતી. જેને આધારે તપાસ કરતા બાતમીના સ્થળે શંકાસ્પદ યુવાન ઉભો હતો. પોલીસે યુવાનની પુછપરછ કરતા દીલીપજી ચંદુજી ઠાકોર રહે.અમરધારા સોસાયટી પાસે, ઠાકોર વાસ, ગામ - કુંડાળ તા.કડી હોવાનું જણાવ્યું હતું. જયારે તેની પાસે રહેલ હીરો સ્પ્લેન્ડર બાઈકની નંબર પ્લેટ પર નં- જીજે૦૧ડીએ-૪૭૧૭ લખેલો હતો. પોલીસે બાઈકના આધાર પુરાવો માંગતા યુવાને નહી હોવાનુ જણાવ્યું હતું. તેની વધુ પુછપરછ કરતા નજીકમાં અન્ય એક બાઈક બિનવારસી મુક્યું હોવાની હકીકત સામે આવી હતી. તેના જણાવ્યા પ્રમાણે કલોલ બળીયા ફાટક પુલ પાસે નજીકમાં આવેલ ઝાડીમાં ઝાડની પાછળ સંતાડેલુ જુનાજેવું બાઈક બતાવ્યું હતું. બાઈકની આગળ તેમજ પાછળ નંબર પ્લેટ વગરનું તેમજ પુરાવા માંગતા ન હોવાનું જણાવતા વધુ પુછપરછ કરતા આ બંન્ને બાઈક અંદાજે આઠેક વર્ષ અગાઉ કલોલ ખાતે જે.પી. કોમ્પ્લેકસમાંથી ચોરી કર્યાનું જણાવ્યું હતું.

## ખંભીસર નજીક બાઈક પુલ સાથે ટકરાતા એકનું મોત : એક ઈજાગ્રસ્ત

મોડાસા તાલુકાના ખંભીસર ગામ નજીક રવિવારની રાત્રે બાઈક ચાલક રોડ ઉપર આવેલા પુલને ટકરાતા બાઈકસવારનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે એક બાઈક ચાલક સામાન્ય ઈજાગ્રસ્ત બન્યો હતો. પ્રાપ્ત વિગતોનુસાર શિણાવાડના રહીશ જયંતિભાઈ ભોગીભાઈ દરજી અને મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ જોધ્ધા બાઈક લઈ રવિવારની રાત્રે ખંભીસર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈકચાલક જયંતિભાઈ ભોગીભાઈ દરજી પોતાના કબજાની બાઈકને પુરઝડપે અને ગફલતભરી રીતે બાઈક ચલાવી રોડ ઉપરના આવેલા પુલીયાને ટક્કર મારી હતી. બાઈકની ટક્કરથી બાઈક પર પાછળ બેઠેલા મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ જોધ્ધા બાઈક પરથી ઉછળીને નીચે પડ્યા હતા. બાઈક પર સવાર મહેન્દ્રસિંહને માથાના ભાગે ગંભીર તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યું હતું. જયારે બાઈકચાલકને સામાન્ય ઈજાઓ થઈ હતી. બનાવના પગલે મોડાસા રૂરલ પોલીસે બાઈકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




## પાલનપુરમાં મોંઘવારીના મુદ્દે કેન્દ્ર સરકારના વિરૂદ્ધમાં કોંગ્રેસ દ્વારા વિરોધ

મોંઘવારીના મુદ્દે છેલ્લા કેટલાય દિવસથી કોંગ્રેસ પક્ષ દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. કઠોળ, શાકભાજી તેમજ પેટ્રોલના સતત ભાવ વધારાને લઈ મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે કેન્દ્રની ભાજપ સરકારના શાસનમાં મોંઘવારીના મુદ્દે કોંગ્રેસ ફરી સક્રીય થઈ છે. પાલનપુર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે એરોમાં સર્કલ પાસે વધતા જતા જીવન જરૂરિયાત ચીજવસ્તુઓના ભાવોના વિરોધમાં રાજ્ય તેમજ ભાજપની કેન્દ્ર સરકારના વિરૂદ્ધમાં સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. મોંઘવારીના વિરોધના કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ તેમજ રાયમલજી સોલંકી, રવિરાજ ગઢવી, અમૃત જોષી, લક્ષ્મીબહેન કરેણ, નયનાબેન માળી સહિતના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## વિદેશ નીતિ પર જ વધુ રેટિંગ...

● પહેલા પાનાનું ચાલુ

સ્થિતીમાં આ રેટિંગના સ્કોરથી મંત્રાલયના પ્રદર્શનને ધ્યાનમં લેવામાં આવનાર છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા શિક્ષણની ગુણવત્તાને સુધારવા સાથે સંબંધિત પ્રયાસોને ખરાબ રેટિંગ મળ્યા છે. સર્વેમાં સામેલ કરવામાં આવેલા ૩૫ ટકા લોકોએ તકેને પાંચ સ્ટાર રેટિંગ આપ્યા છે. બ્લેક મની પર બ્રેક મુકવાના પ્રયાસોને માત્ર ૩૧ ટકા લોકોએ હાઈ રેટિંગ આપ્યા છે. સ્વચ્છ ભારત. ડિજીટલ ભારત અને અન્ય યોજનાને પણ જુદા જુદા રેટિંગ મળ્યા છે. મોદી પોતે તમામ મંત્રાલયના કામ પર નજર રાખી રહ્યા છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી યોજનાને પણ પોઈન્ટ આપવામાં આવ્યા છે. સર્વે મુજબ સ્વચ્છ ભારત, ડિઝીટલ ઈન્ડિયા, મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ જેવી યોજનાઓને ક્રમશઃ ૩૩, ૩૬, ૩૮ અને ૫ સ્ટાર રેટીંગ મળ્યા છે. કૃષિની સ્થિતિને વધુ સારી બનાવવા માટે ખેડૂતોના કલ્યાણ સાથે જોડાયેલા ઉપાય પર ૩૯ ટકા સુધી રેટીંગ મળ્યા છે. સ્કીલ ઈન્ડિયા પ્રોગ્રામ પર ૪૦ ટકા લોકોએ પાંચ સ્ટાર રેટીંગ આપ્યા છે.

## તંત્ર ચાર્જથી....

● છેલ્લા પાનાનું ચાલુ

જણાવ્યુ હતુ કે સિવિલ અને ઈલેક્ટ્રીકના રેટ કોન્ટ્રાક્ટ અંગે પણ નવેસરથી ટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પટેલે જણાવ્યુ હતુ કે મનપા સંચાલિત અંતિમ વાનનું સંચાલન જુસિકાને સોંપવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર શહેર માટે મફત સેવા આપવાની રહેશે. અમદાવાદ કે ૨૫ કિ.મી.ના વિસ્તારમાં રૂ. ૪૦૦ના દરે વસુલાત કરાશે. આ ઉપરાંત આથી વધુ અંતરે જો અંતિમવાન જશે તો ૧ કિ.મી.ના દરે ચાર્જ વસુલવામાં આવશે.

આ અંતિમ વાનના ડ્રાયવરનો પગાર ખર્ચ મનપા ઉઠાવશે. તેમણે જણાવ્યુ હતુ કે જુસિકા હાલ સ્મશાનગૃહની જાળવણીની કામગીરી કરી રહેલ છે. પટેલે જણાવ્યુ હતુ કે કાયદા અધિકારીની જગ્યા વર્ગ-૨માં અપગ્રેડ કરવાની તેમજ આ માટે સામાન્ય સભામાં પ્રસ્તાવ લઈ તેને બહાલી આપવાનો નિર્ણય આજની બેઠકમાં લેવામાં આવ્યો છે.

## સ્કીલ્ડ મેનપાવરનું....

● છેલ્લા પાનાનું ચાલુ

પ્રાયોગિક ધોરણે વર્કઓર્ડર આપવાનો નિર્ણય કરેલ છે. એજન્સીએ આ માટે ટેન્ડરના ૫ ટકા લેખે ડિપોઝીટ તેમજ કર્મચારીઓનો એક માસનો પગાર કોર્પોરેશનમાં જમા કરાવવાનો રહેશે.

તેમણે જણાવ્યુ હતુ કે એજન્સી આ રકમ જમા કરાવે ત્યાર પછી વર્કઓર્ડરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કોર્પોરેશનમાં હાલ ૨૪૮ જેટલા સ્કીલ્ડ મેનપાવરનો સપ્લાય કરવાનો થાય છે.

આ એજન્સીએ અગાઉ કામગીરી કરી છે કે કેમ ? તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષ દરમ્યાન આ એજન્સી ગાંધીનગર મનપા સાથે સંકલાયેલી ન હતી.

તેમણે જણાવ્યુ હતુ કે અનસ્કીલ્ડ મેનપાવર માટેનું જે ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતુ તે ચર્ચા-વિચારણાને અંતે રદ કરી નવેસરથી નવી શરતો અને કેટલાક સુધારા સાથે બહાર પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પટેલે જણાવ્યુ હતુ કે મેનપાવર પુરતી સંખ્યામાં આવતો ન હોવાથી તેમાં ગેરરીતિ થવાની શક્યતાઓ હોવાથી હવે શહેરને બે થી ત્રણ ઝોનમાં વહેંચી અને સફાઈ દરમ્યાન એકત્ર થયેલ કચરાના વજનને આધારે જ ચુકવણુ કરવા સહિતના સુધારાઓ સાથેનું ટેન્ડર જારી કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે ઝોનમાં સફાઈ સહિતની કામગીરી માટે કેટલા માણસો મુકવા તે એજન્સીએ જોવાનું છે. એજન્સીએ તેનો ડ્રેસ કોડ નિયત કરી અને જાણ કરવાની રહેશે. મનપા તેને કોઈપણ પ્રકારની યાંત્રિક સહાય પણ હાલના તબક્કે પુરી નહિ પાડે તેવુ વિચારાયુ છે.

પટેલે જણાવ્યુ હતુ કે ૩૧-૭-૨૦૧૬ સુધીમાં ટેન્ડર જારી કરી અને આખરી કરવામાં આવશે. ત્યાં સુધી હાલની એજન્સીઓની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.